# અરજી પહોંચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૧૦૧૮૦૫૯૬૪૮ | અરજી નંબર | ૩૮૬૧૪ | અરજી વર્ષ | ૨૦૨૧ |
| તારીખ | ૨૨ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ    મનોજ એચ.પટેલ (જહાંગીરપુરા બ્લોક નં 82 પૈકી1

નીચે પ્રમાણે ફી પહોંચી    રૂ.  પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................................ | |
| શેરોની નકલ કરવા માટે ફી................................................... | |
| ટપાલ ખર્ચ................................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).................................. | |
| શોધ અગર તપાસણી............Year: 1989 1999 | ૧૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫.................................................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................................ | |
| નકલ ફી ફોલીયો............................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી .................................................................. | |
| કુલ એકંદરે રૂ. | ૧૨૦.૦૦ |

THE SEAL OF THE SUB REGISTRAR સુરત સીટી-૧ (અઠવા) SURAT CITY-1. (ATHWA) સત્યમેવ જયતે

અંકે રૂપીયા એક સો વીસ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ . આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

Chetanaben Laxmanbhai Patel
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

અંકે રૂ. : 120.00

20210922482631783

સબ રજીસ્ટ્રાર, સુરત - 1 City

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 82 પૈકી 1 ટીપી 46 ઓ.પી 31 એફપી 43

Search in : જહાંગીરપુરા /JAHANGIRPURA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૧૦૨૧૦૪૯૦૩૦ | અરજી નંબર | ૨૧૯૩૭ | અરજી વર્ષ | ૨૦૨૧ |
| તારીખ | ૨૨ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ મનોજ એચ પટેલ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.............................. | |
| શેરોની નકલ કરવા માટે ફી.................................... | |
| ટપાલ ખર્ચ.................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )......................... | |
| શોધ અગર તપાસણી............Year: 2000 2021 | ૩૩૦.૦૦ |
| દંડ કલમ-૨૫................................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )......................................... | |
| નકલ ફી ફોલીયો.............................................. | |
| ઈન્ડેક્ષ-૨ ફી ................................................. | |

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૩૩૦.૦૦ |

અંકે રૂપીયા ત્રણ સો ત્રીસ પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને ---------- તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-4 (KATARGAM)

BINALKUMARI GOVINDBHAI KHALASI
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

અંકે રૂ. : 330.00

20210922536665685

સબ રજીસ્ટ્રાર, સુરત - 4 Katargam

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં.82 પૈકી 1

Search in : જહાંગીરપુરા /jahangipura

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૧૩૨૨૦૦૧૮૧૦ | અરજી નંબર | ૬૭૨ | અરજી વર્ષ | ૨૦૨૧ |
| તારીખ | ૨૨ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ મનોજ એચ. પટેલ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી.......................................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................................

શેરોની નકલ કરવા માટે ફી..........................................................

ટપાલ ખર્ચ..................................................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..........................................

શોધ અગર તપાસણી.............Year: 2012 2021 ૨૧૦.૦૦

દંડ કલમ-૨૫.............................................................................

કલમ-૩૪ (કલમ-૫૭ )..................................................................

નકલ ફી ફોલીયો.........................................................................

ઈન્ડેક્ષ-૨ ફી ...............................................................................

| કુલ એકંદરે રૂ. | ૨૧૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો દસ પુરા

દસ્તાવેજ ___________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં _______________ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર, સુરત-૮, (રાંદેર) નો શિક્કો SURAT-8, (RANDER) સત્યમેવ જયતે

Kuldeepsinh Natvarsinh Rathod
સબ રજીસ્ટ્રાર
સુરત - 8 રાંદેર

અંકે રૂ. : 210.00

20210922386990242

સબ રજીસ્ટ્રાર, સુરત - 8 રાંદેર

**Manoj H. Patel**
+91 98250 54363

**Prakash M. Patel**
+91 98256 74740

ADVOCATE

**ADVOCATES**

Office No : 208-9-10, Om Shoppie, Opp. Prime Arcade, Anand Mahal Road, Adajan, SURAT - 395009. Ph. (Off.) 0261 -2768258.

Date : ૨૪/૦૭/૨૦૨૨

Ref. No. :

# -:: ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ ::-

**<u>વિષય</u> :-** સુરત જીલ્લાનાં અડાજણ તાલુકાના **મોજે : જહાંગીરપુરાના** રે.સ.નં. ૬૫, જેનો **બ્લોક નં. ૮૨/પૈકી ૧,** વાળી ૭/૧૨ મુજબની સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. છે. તે જમીન પૈકી સુમારે ૧૦૦૮૧ સ.ચો.મી. જમીનને લાગું **ટી.પી.સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા)** ના ઓ.પી. નં.૩૧, **ફા.પ્લોટ નં.૪૩,** વાળી સુમારે **૭૦૯૭ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુવાળી બીનખેતીની જમીન, તે બીનખેતીની જમીન પૈકી **ઉત્તર-પુર્વ દિશા** તરફની સુમારે **<u>૪૬૧૩.૭૧ સ.ચો.મી.</u>** બીનખેતીની જમીનનો **<u>ટાઇટલ કલીયર રીપોર્ટ...</u>**

(૧)... સુરત જીલ્લાનાં અડાજણ તાલુકાના **મોજે : જહાંગીરપુરાના** રે.સ.નં. ૬૫, જેનો **બ્લોક નં. ૮૨/પૈકી ૧,** વાળી ૭/૧૨ મુજબની સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. છે. તે જમીન પૈકી સુમારે **૧૦૦૮૧ સ.ચો.મી.** જમીનને લાગું **ટી.પી.સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા)** ના ઓ.પી. નં. ૩૧, **ફા. પ્લોટ નં. ૪૩** વાળી સુમારે **૭૦૯૭ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુવાળી બીનખેતીની જમીન, તે બીનખેતીની જમીન પૈકી **ઉત્તર-પુર્વ દિશા** તરફની સુમારે **૪૬૧૩.૭૧ સ.ચો.મી.** બીનખેતીની જમીનના હાલના માલીકો **" આર્ય બિલ્ડકોન " એક ભાગીદારી પેઢીના ભાગીદારો... (૧) હિતેશભાઇ વનમાળીદાસ ધનાણી, (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણી** નાઓએ મારી પાસે ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં ટાઇટલ કલીયર રીપોર્ટની માંગણી કરેલ છે. તેના અનુસંધાનમાં **તા. ૨૨/૦૯/૨૦૨૧** ના રોજ પહોંચ નં. ૨૦૨૧૦૧૮૦૫૯૬૪૮, **(અરજી નં. ૩૮૬૧૪)** થી, મે. સબ રજીસ્ટ્રાર સાહેબ સુરત-૧ (અઠવા) તથા **તા. ૨૨/૦૯/૨૦૨૧** ના રોજ પહોંચ નં. ૨૦૨૧૩૨૨૦૦૧૮૧૦, **(અરજી નં.૬૭૨)** થી, મે. સબ રજીસ્ટ્રાર સાહેબ સુરત-૮ (રાંદેર) તથા **તા. ૨૨/૦૯/૨૦૨૧** ના રોજ પહોંચ નં. ૨૦૨૧૦૨૧૦૪૯૦૩૦, **(અરજી નં. ૨૧૬૩૭)** થી, મે. સબ રજીસ્ટ્રાર સાહેબ સુરત-૪ (કતારગામ) સમક્ષ શોધ ફી ભરી શોધ કરેલી, અને માલીકે મારી રૂબરૂમાં નીચે મુજબના રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવેલ બીનખેતીની જમીન અંગેનો **ટાઇટલ કલીયર રીપોર્ટ** નીચે મુજબ છે.

**(૨)... <u>રજુ કરેલા પુરાવાઓ....</u>**

(૧) મોજે : જહાંગીરપુરાના બ્લોક નં. ૮૨/પૈકી ૧, વાળી જમીનના ગામના નમુના નં. ૭/૧૨ ના ઉતારાની નકલ.

MANOJ H. PATEL PRAKASH M. PATEL ADVOCATES • SURAT •

RAKASH M. PATEL
OCATES
SURAT

(૨) એજનના ૮/અ ના ઉતારાની નકલ.
(૩) હકક-પત્રક તમામ નોંધોની નકલો.
(૪) ઝોનીંગ પ્લાન, ચલન નં. : ૧૯૬૫૩૫, તા. ૧૮/૦૨/૨૦૧૯ ના રોજના ઝોનીગ પ્લાનની નકલ તથા ઝોનીંગ સર્ટીફીકેટ નં. : સુડા/ટેક/ઝો.સર્ટી./૧૯૬૫૩૫, તા.૨૬/૦૨/૨૦૧૯ ના રોજના ઝોનીંગ સર્ટીફીકેટની નકલ.
(૫) ટી.પી. નકશો તથા એફ-ફોર્મની નકલ.
(૬) જી-ફોર્મની નકલ.
(૭) મહે. સુરતના કલેકટર સાહેબનાં હુકમ નં. : ગણત/રજી. નં. ૬૬/૧૧/વશી.૪૭૫૩/૧૨, તા.૧૬/૦૫/૨૦૧૨ ના રોજના રહેણાંકના હેતુમાં તબદીલ કરતા જુની શરતના હુકમની નકલ.
(૮) મહે. સુરતના કલેકટર સાહેબનાં હુકમ ક્રમાંકઃ એ/બખપ/રી.એસ.આર.નં. ૭૮/૧૪/આઇડી નં. ૬૧૧૭/વશી.-૧૪૧૮/૧૪, તા. ૧૬/૦૪/૨૦૧૪ ના રોજના રહેણાંકના હેતુમાં બીનખેતીમાં તબદીલ કરતા હુકમની નકલ.
(૯) વેચાણ દસ્તાવેજ નં. ૧૦૯૧૧, તા. ૨૪/૦૫/૨૦૧૨ તથા ભાગીદારી દસ્તાવેજ નં.. ૩૦૭૦, તા. ૧૩/૦૨/૨૦૧૯ તથા વેચાણ દસ્તાવેજ નં. ૩૦૭૧, તા.૧૩/૦૨/૨૦૧૯ તથા વેચાણ દસ્તાવેજ નં. ૯૪૭૯, તા. ૨૩/૦૩/૨૦૨૧ ની નકલો તથા ઈન્ડેક્ષની નકલો.
(૧૦) સુરત મહાનગર સેવાસદનના ભાગલા પ્લાન એપ્લીકેશન નં. ઓ.ડી.પી.એસ./ ૨૦૨૦/૦૨૩૧૫૦, તા. ૨૧/૧૨/૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે.
(૧૧) સુરત મહાનગર સેવાસદનના નં. ટી.ડી.ઓ./ડીપી/ નં.૮૨, તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજના મંજુર કરવામાં આવેલ રજાચિઠ્ઠી તથા પ્લાનની નકલ.

## (૩)... આથી ટાઇટલ રીપોર્ટ આપવામાં આવે છે કે .....

**(૩-૧)...** સુરત જીલ્લાના, સીટી તાલુકાના **મોજે : જહાંગીરપુરાનાં રે.સ.નં. ૬૫** વાળી જમીનનાં મુળ માલીક ફાતમાબીબી અહમદ હુસેન ધોઘાણીની વિધવાની માલીકીની ચાલી આવેલી હતી. સદરહુ જમીનનાં ચાલી આવેલ સંરક્ષીત ગણોતીયાની નોંધ નામદાર સરકારશ્રીનાં હુકમ નં. ૧૧૪૦/૪૫ તા. ૦૧/૦૪/૧૯૪૭ થી ગણોતધારાની કલમ-૩ તથા ૩/અ મુજબ સંરક્ષિત ગણોતીયા તરીકે રે.સ.નં. ૬૫ માં પીરીયા લલ્લુભાઇ દયાળભાઇનું નામ દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૨૬૪,** થી તા.૨૨/૧૨/૧૯૪૭ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૨)...** ત્યારબાદ, સદરહુ જમીનમાં નહેર અંગે જમીન એવોર્ડ કરવામાં આવેલી. અને તે મુજબ સર્વે નં. ૬૫ વાળી જમીનમાં દુરસ્તી પત્રક નં. ૯ ની નોંધ કરવામાં આવેલી. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૪૭૮,** થી તા. ૦૯/૦૬/૧૯૬૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૩)...** ત્યારબાદ, મોજે : જહાંગીરપુરા ગામની જમીન અંગે એકત્રીકરણ યોજનાં અમલમાં આવતા તમામ સર્વે નંબરોને બ્લોક નંબરો આપવામાં આવેલા. તે મુજબ સર્વે નં. ૬૫ ને બ્લોક નં. ૮૨ આપવામાં આવેલો. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના હકક-પત્રક (ગામના નમુના નં. ૬) મા **નોંધ નં. ૭૦૪,** થી તા. ૨૫/૦૭/૧૯૮૦ ના રોજ નોંધાયેલી અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૪)...** ત્યારબાદ, સદરહુ જમીનનાં ચાલી આવેલ સંરક્ષીત ગણોતીયા પીરીયાભાઇ લલ્લુભાઇને ૩૨-ગ મુજબ ખરીદ કીમતનાં આદેશ મુજબ રૂ.૬,૪૦૧=૫૦ પૈસા પુરા નકકી

ASH M. PATEL CATES SURAT

કરવામાં આવેલા. અને તે પુરા ભરપાઇ કરતા ૩૨-એમ નાં સર્ટીફીકેટ મુજબ બોજા કમીની નોંધ ગામ દફતરે પાડવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૭૧૪,** થી તા. ૦૪/૦૪/૧૯૮૧ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલી છે. ત્યારથી, સદરહુ જમીન પીરીયાભાઇ લલ્લુભાઇને ગણોતધારા હેઠળ સ્વતંત્ર માલીકી હકકે પ્રાપ્ત થયેલ છે.

**(૩-૫)...** ત્યારબાદ, સદરહુ જમીનનાં માલીક પીરીયાભાઇ લલ્લુભાઇ તા. ૧૪/૦૫/૧૯૮૪ નાં રોજ બીનવસીયતે ગુજરી ગયેલા. જેનાં સીધીલીટીનાં વારસદાર તરીકે જેલીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની વિધવાનું નામ વારસદારોએ આપેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું, વારસદારોએ આપેલ જવાબ, પંચકયાસને આધારે વારસાઇ હકકે ગામ દફતરે દાખલ કરવામાં આવેલું. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૭૫૮,** થી તા. ૦૨/૦૩/૧૯૮૫ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૬)...** ત્યારબાદ, સદરહુ જમીન અંગે મહે. વધારાનાં ખા.જ.સ.અધિકારી, શાખા નં. ૧ સુરતનાં હુકમ નં. એલ.એ.કયુ./એસ.આર./૧/૧૨/૮૨, તા.૨૦/૦૧/૧૯૮૬ નાં હુકમ મુજબ બ્લોક નં. ૮૨ વાળી સુમારે ૨૧૬૫૧ ચો.મી., આકાર રૂા. ૩૬-૧૯ પૈસા હતો, તે દુરસ્તી થયા પછી બ્લોક નં. ૮૨ વાળી સુમારે ૨૧૦૧૧ ચો.મી., આકાર રૂા. ૩૫-૧૯ પૈસા થયેલ છે. જે દુરસ્તી પત્રક નં. ૬ ની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૭૮૪,** થી તા. ૦૬/૦૬/૧૯૮૭ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૭)...** ત્યારબાદ, સદરહુ જમીનનાં માલીક જેલીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની વિધવા તા. ૨૬/૧૦/૧૯૮૮ નાં રોજ બીનવસીયતે ગુજરી ગયેલા. જેનાં સીધીલીટીનાં વારસદારોમાં તેમની ત્રણ દિકરીઓ (૧) ડાહીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી, (૨) ભાનુબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી તથા (૩) નીરૂબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરીનાં નામો વારસદારોએ આપેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું, જવાબ, પંચકયાસને આધારે ગામ દફતરે વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલા. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૮૩૯,** થી તા. ૦૩/૦૨/૧૯૯૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૮)...** ત્યારબાદ, સદરહુ જમીન અંગે મહે. જીલ્લા ઇન્સપેકટર જમીન રેકર્ડસ સુરતનાં નં. કે.જે.પી./એસ.આર/૧૭/૯૨-૯૩ તા.૨૮/૧૦/૧૯૯૨ તથા મહે. ખા.જ.સ.અધિકારી સાહેબ, નાં બ-શાખા સુરતનાં હુકમ નં. એલ.એ.કયુ./બી-ક્રીભકો/૨૬/૮૧ તા.૧૮/૦૧/૧૯૮૫ આધારે ગામ દફતરે દુરસ્તી પત્રક નં. ૯ થી રેલ્વેની દુરસ્તી કરવામાં આવેલી. અને તે મુજબ બ્લોક નં. ૮૨ વાળી સુમારે ૨૧૦૧૧ ચો.મી., આકાર રૂા. ૩૫-૧૯ પૈસા હતો, તે દુરસ્તી થયા પછી બ્લોક નં. ૮૨ વાળી સુમારે ૧૫૨૪૪ ચો.મી., આકાર રૂા. ૨૫-૫૩ પૈસા થયેલ છે. જે દુરસ્તી પત્રક નં. ૯ ની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૮૫૪,** થી તા. ૦૭/૦૪/૧૯૯૩ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૯)...** ત્યારબાદ, સદરહુ જમીન અંગે મહે. જીલ્લા ઇન્સપેકટર જમીન રેકર્ડસ સુરતનાં નં. કે.જે.પી./એસ.આર/૧૭/૯૨-૯૩ તા.૨૮/૧૦/૧૯૯૨ તથા મહે. ખા.જ.સ.અધિકારી સાહેબ, (ગ.ન.યો.) નાં બ-શાખા સુરતનાં હુકમ નં. એલ.એ.કયુ./બી-ક્રીભકો/૨૬/૮૧ તા.૦૪/૦૫/૧૯૮૫ આધારે ગામ દફતરે દુરસ્તી પત્રક નં. ૪ અને ૯ થી રેલ્વેની દુરસ્તી ગામ દફતરે ફેરફાર **નોંધ નં. ૮૫૪,** તા.૦૭/૦૪/૧૯૯૩ થી કરવામાં આવેલ. તે સમયે કૃષક ભારતી કો.ઓ.લી. નાં નામનાં અલગ-અલગ પાનીયા પાડવામાં નહી આવેલ, અને સદરહુ બાબતે ઉકત કંપનીનાં મેનેજર તરફથી અરજી આવેલ હોય, તેમજ નીચે મહે. સીટી મામલતદારશ્રીનાં નં.જમન/વશી/૨૦૦૨/સુરત, તા. ૧૯/૦૨/૨૦૦૨ નાં શેરાનાં આધારે અલગ-અલગ પાનીયા કૃષક ભારતી કો.ઓ.લી. નાં નામે

ASH M. PATEL ATES SURAT

પાડવામાં આવેલા. અને તે મુજબ બ્લોક નં. ૮૨ વાળી સુમારે ૧૫૨૪૪ ચો.મી., આકાર રૂા. ૨૫-૫૩ પૈસા તથા કૃષક ભારતી કો.ઓ.લી. ને બ્લોક નં. ૮૨ પૈકી, ૫૭૬૭ ચો.મી., આકાર રૂા. ૯-૬૬ પૈસા આપવામાં આવેલ છે. જે દુરસ્તી પત્રક નં. ૪ અને ૯ ની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૦૨૩,** થી તા. ૧૯/૦૨/૨૦૦૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૧૦)...** ત્યારબાદ, સદરહુ નવી શરતની ૭/૧૨ મુજબની સુમારે ૧૫૨૪૪ ચો.મી. જમીન પૈકી સુમારે ૧૦૦૮૧ ચો.મી. જમીનમાં પ્રિલીમનરી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪૬(જહાંગીરપુરા) નાં ઓરીજનલ પ્લોટ નં. ૩૧, (૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૧૦૦૮૧ ચો.મી.) નાં ફા.પ્લોટ નં. ૪૩, મુજબ સુમારે ૭૦૯૭ ચો.મી. ફાળવેલ છે. સદરહુ જમીન નવી શરતની ચાલી આવેલ હતી. અને તે જમીન નવીશરતમાંથી રહેણાંકનાં હેતુ માટે જુની શરતમાં તબદીલ કરવા માટે, મહે. સુરતનાં કલેકટર સાહેબ સમક્ષ અરજી કરેલી. અને તે અરજીનાં અનુસંધાનમાં મહે. સુરતનાં કલેકટર સાહેબનાં પત્ર ક્રમાંક : ગણત/વશી/૪૦૩૦/૧૨, થી તા. ૧૨/૦૪/૨૦૧૨ નાં રોજ પ્રીમીયમની રકમ ભરપાઇ કરવા માટે જણાવેલું. અને તે મુજબ નકકી કરેલ પ્રીમીયમની રકમ રૂા. ૨,૨૦,૦૦,૭૦૦/- પુરા ચલણ નં. ૧૫૩/૧૨ થી તા. ૨૩/૦૪/૨૦૧૨ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં મુળ જમીન માલીકોએ ભરપાઇ કરેલા. અને ત્યારબાદ, સદરહુ જમીન અંગે મહે. સુરતનાં કલેકટર સાહેબનાં હુકમ ક્રમાંક : ગણત/રજી.નં. ૬૬/૧૧/વશી-૪૭૫૩/૧૨ થી તા. ૧૬/૦૫/૨૦૧૨ નાં રોજ નવી શરતમાંથી રહેણાંકનાં હેતુ માટે જુની શરતમાં તબદીલ કરતો હુકમ કરેલો. જે હુકમની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૬૨૯,** થી તા. ૧૮/૦૫/૨૦૧૨ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૧૧)...** ત્યારબાદ, સદરહુ જમીનના માલીક ડાહીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી વિગેરેના નામે ચાલી આવેલ ૭/૧૨ મુજબ સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. જમીન પૈકી ૭/૧૨ મુજબ ૧૦૦૮૧ સ.ચો.મી. જમીનને લાગું ટી.પી.સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા), ફા. પ્લોટ નં. ૪૩ વાળી સુમારે ૭૦૯૭ સ.ચો.મી. જમીન તેઓએ (૧) વિજયભાઇ વનમાળીદાસ ધનાણી (પટેલ), (૨) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી, (૩) નયનાબેન વિજયભાઇ ધનાણી, (૪) પુર્વીબેન હિતેશભાઇ ધનાણીનાને રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૦૯૧૧, તા. ૨૮/૦૫/૨૦૧૨ ના રોજ વેચાણ આપેલ છે. જે રજી. વેચાણ દસ્તાવેજની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૬૩૭,** થી તા. ૩૦/૦૭/૨૦૧૨ ના રોજ નોંધાયેલ અને તા. ૦૩/૧૧/૨૦૧૨ ના રોજ **નામંજુર** કરેલ છે. જે નામંજુર કરતા હુકમ વિરુધ્ધ ખરીદનારાઓએ મહે. નાયબ કલેકટર સાહેબ, સીટી પ્રાંત સાહેબના સમક્ષ આર.ટી.એસ. / અપીલ નં. ૨૪૩/૨૦૧૨ થી નોંધાવેલ છે. અને તે કામમાં તેમણે તા. ૩૦/૦૪/૨૦૧૩ ના રોજ હુકમ કરી, નોંધ પ્રમાણીત કરતો હુકમ કરેલો. જે હુકમની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૬૬૩,** થી તા. ૨૫/૦૬/૨૦૧૩ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલી છે. **આમ, ૭/૧૨ મુજબની સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. જમીન પૈકી ૭/૧૨ મુજબ ૧૦૦૮૧ સ.ચો.મી. જમીનને લાગું ટી.પી.સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા), ફા.પ્લોટ નં. ૪૩ વાળી સુમારે ૭૦૯૭ સ.ચો.મી. જમીનના માલીકો વિજયભાઇ વનમાળીદાસ ધનાણી (પટેલ) (કુલ-૪) નાઓ થયેલા છે.**

**(૩-૧૨)...** ત્યારબાદ, સદરહુ મોજે : જહાંગીરપુરાના સર્વે નં. ૬૫, બ્લોક નં. ૮૨ પૈકી ૧ વાળી સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન પૈકી, ૭/૧૨ મુજબની ૧૦૦૮૧ ચો.મી. ને લાગું ટી.પી. સ્કીમ નં.૪૬ (જહાંગીરપુરા) ના ફા.પ્લોટ નં. ૪૩ મુજબ ૭૦૯૭ ચો.મી. અંગે મહે. સુરતના કલેકટર સાહેબના હુકમ ક્રમાંકઃ એ/બખપ/રી.એસ.આર. નં.૭૮/૧૪, આઇ.ડી. નં. ૬૧૧૭/ વશી/૧૪૧૮/૨૦૧૪, તા.૧૬/૦૪/૨૦૧૪ ના રોજ રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૭૨૪,** થી તા. ૦૭/૦૫/૨૦૧૪ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

SURAT · PATEL

**(૩-૧૩)...** ત્યારબાદ, સદરહુ મોજે : જહાંગીરપુરાના સર્વે નં. ૬૫, બ્લોક નં. ૮૨ પૈકી ૧ વાળી સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન પૈકી ૭/૧૨ મુજબની ૧૦૦૮૧ ચો.મી. ને ટી.પી. સ્કીમ નં. ૪૬ ના ફા.પ્લોટ નં. ૪૩ મુજબ ૭૦૯૭ ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે જમીન અંગે રહેણાંકના હેતુ માટે બીનખેતી થઇ ગયેલ છે. તે સિવાય મુળ જમીન માલીકોની ૭/૧૨ મુજબની બાકીની ઉત્તર દિશા તરફની ૫૧૬૩ ચો.મી. જમીન ગામ દફતરે નવી શરતની ચાલી આવેલ હતી, તે જમીન અંગે મુળ જમીન માલીકોએ મે. સુરતના કલેકટરશ્રીના હુકમ નં. ગણત-૪/રજી. નં. ૧૩૯/૧૪/વશી. નં.૩૬૮૮ થી ૩૬૯૫/૧૭, ઓનલાઇન ફાઇલ નં. ૭૧૫૭, થી તા. ૧૮/૦૮/૨૦૧૭ ના રોજ ખેતીના હેતુ માટે જુની શરતમાં તબદીલ કરતો હુકમ કરવામાં આવેલ છે. જે હુકમની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૯૦૯,** થી તા. ૨૪/૦૮/૨૦૧૭ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલ છે.

**(૩-૧૪)...** ત્યારબાદ, સદરહુ મોજે : જહાંગીરપુરાના સર્વે નં. ૬૫, બ્લોક નં. ૮૨ પૈકી ૧ વાળી ૭/૧૨ મુજબની સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન પૈકી ૭/૧૨ મુજબની ૧૦૦૮૧ સ.ચો.મી. જમીનને લાગું ટી.પી. સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા) ના ફા.પ્લોટ નં. ૪૩ મુજબ ૭૦૯૭ સ.ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે સિવાય મુળ જમીન માલીકોની ૭/૧૨ મુજબ સુમારે ૫૧૬૩ સ.ચો.મી. પૈકી સુમારે ૪૧૩૧ સ.ચો.મી. જમીન (૧) ડાહીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી અને ઠાકોરભાઇ ગોવિંદભાઇ પટેલની ધણીયાણી, (૨) ભાનુબેન ઉર્ફે ભાનુમતીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી અને જગજીવનભાઇ પરાગભાઇ પટેલની ધણીયાણી, (૩) નીરૂબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી અને નગીનભાઇ ઇચ્છુભાઇ પટેલની ધણીયાણી નાઓએ (૧) અમીત હર્ષદભાઇ પટેલ, (૨) અલ્પેશ નટવરભાઇ પટેલ, (૩) નિલેશભાઇ ગોરધનભાઇ જાસોલીયા, (૪) રજનીભાઇ દેવરાજભાઇ પટેલ, (૫) મનોજકુમાર હીરાભાઇ પટેલ, (૬) ડીમ્પલ મનોજકુમાર પટેલ નાઓને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી. જે વેચાણ દસ્તાવેજ મે. સુરતના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં એક નંબરની બુકમાં અનું. નં. ૫૯૯, થી તા. ૦૧/૦૯/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૯૧૪,** થી તા. ૧૮/૦૯/૨૦૧૭ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે. આમ, ૭/૧૨ મુજબ સુમારે ૪૧૩૧ સ.ચો.મી. જમીનના માલીકો - અમીત હર્ષદભાઇ પટેલ વિગેરેનાઓ (કુલ-૬) નાઓ થયેલા છે.

**(૩-૧૫)...** ત્યારબાદ, સદરહુ મોજે : જહાંગીરપુરાના સર્વે નં. ૬૫, બ્લોક નં. ૮૨ પૈકી ૧ વાળી સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન પૈકી ૭/૧૨ મુજબની ૧૦૦૮૧ ચો.મી. ને લાગું ટી.પી.સ્કીમ નં.૪૬ (જહાંગીરપુરા) ના ફા.પ્લોટ નં. ૪૩ મુજબ ૭૦૯૭ ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે સિવાય બાકીની ૭/૧૨ મુજબ સુમારે ૧૦૩૨ સ.ચો.મી. જમીન (૧) ડાહીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી અને ઠાકોરભાઇ ગોવિંદભાઇ પટેલની ધણીયાણી, (૨) ભાનુબેન ઉર્ફે ભાનુમતીબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી અને જગજીવનભાઇ પરાગભાઇ પટેલની ધણીયાણી, (૩) નીરૂબેન તે પીરીયાભાઇ લલ્લુભાઇની છોકરી અને નગીનભાઇ ઇચ્છુભાઇ પટેલની ધણીયાણી નાઓએ નરેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ ભાલાળાને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી. જે વેચાણ દસ્તાવેજ મે. સુરતના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં એક નંબરની બુકમાં અનું. નં. ૬૦૧, થી તા. ૦૧/૦૯/૨૦૧૭ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૯૧૫,** થી તા. ૧૮/૦૯/૨૦૧૭ ના રોજ નોંધાયેલ અને પ્રમાણિત થયેલી છે. આમ, ૭/૧૨ મુજબની સુમારે ૧૦૩૨ સ.ચો.મી. જમીનના માલીક - નરેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ ભાલાળા થયેલ છે.

**(૩-૧૬)...** ત્યારબાદ, સદરહુ મોજે : જહાંગીરપુરાના સર્વે નં. ૬૫, બ્લોક નં. ૮૨ પૈકી ૧ વાળી સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન પૈકી ૭/૧૨ મુજબની ૧૦૦૮૧

ASH M. PATEL ... SURAT

સ.ચો.મી. ને ટી.પી.સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા) ના ઓ.પી. નં. ૩૧, ફા.પ્લોટ નં. ૪૩ મુજબ ૭૦૯૭ સ.ચો.મી. બીનખેતીની જમીનના માલીકો (૧) વિજયભાઇ વનમાળીદાસ ધનાણી (પટેલ), (૨) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી, (૩) નયનાબેન વિજયભાઇ ધનાણી, (૪) પુર્વીબેન હિતેશભાઇ ધનાણી નાઓ ચાલી આવેલ. તે સહ-માલીકો પૈકી (૧) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી તથા (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણી નાઓએ તેમના અડધા હિસ્સાની **દક્ષિણ દિશા** તરફની મુળ ખંડ મુજબ સુમારે ૫૦૪૦.૫૦ સ.ચો.મી. યાને ફા. પ્લોટ મુજબ સુમારે ૩૫૪૮.૫૦ સ.ચો.મી. જમીન **આર્ય બિલ્ડકોન** એક ભાગીદારી પેઢી વતી અને તરફે ભાગીદારો.. (૧) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી તથા (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણી નાઓને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી. જે વેચાણ દસ્તાવેજ મે. સુરતના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં એક નંબરની બુકમાં અનું. નં.૩૦૭૦ થી તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. તથા સહ-માલીકો પૈકી (૧) વિજયભાઇ વનમાળીદાસ ધનાણી (પટેલ), (૨) નયનાબેન વિજયભાઇ ધનાણી નાઓએ તેમના અડધા હિસ્સાની **ઉત્તર દિશા** તરફની મુળ ખંડ મુજબ સુમારે ૫૦૪૦.૫૦ સ.ચો.મી. યાને ફા. પ્લોટ મુજબ સુમારે ૩૫૪૮.૫૦ સ.ચો.મી. જમીન **આર્ય બિલ્ડકોન** એક ભાગીદારી પેઢી વતી અને તરફે ભાગીદારો.. (૧) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી તથા (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણી નાઓને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી. જે વેચાણ દસ્તાવેજ મે. સુરતના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં એક નંબરની બુકમાં અનું. નં.૩૦૭૧ થી તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. જે બંન્ને રજી. વેચાણ દસ્તાવેજોની નોંધ મોજે : જહાંગીરપુરાના ગામના નમુના નં. ૬ (હકક-પત્રક) માં **નોંધ નં. ૧૯૯૪,** થી તા. ૨૨/૦૨/૨૦૧૯ ના રોજ નોંધાયેલ અને પ્રમાણીત થયેલી છે. આમ, સદરહુ બીનખેતીની જમીનના માલીકો - **આર્ય બિલ્ડકોન** એક ભાગીદારી પેઢી વતી અને તરફે ભાગીદારો.. (૧) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી તથા (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણી નાઓ થયેલા છે.

**(૩-૧૭)...** ત્યારબાદ, સુરત જીલ્લાના, સીટી તાલુકાના **મોજે : જહાંગીરપુરાનાં** રે.સ.નં. ૬૫, **બ્લોક નં. ૮૨ પૈકી ૧,** વાળી ૭/૧૨ મુજબ સુમારે **૧૫૨૪૪ ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી જમીન. તે ૭/૧૨ મુજબની જમીન પૈકી સુમારે **૧૦૦૮૧ સ.ચો.મી**ને લાગુ **ટી. પી. સ્કીમ નં. ૪૬** (જહાંગીરપુરા) માં સમાવેશ થતાં **ઓરીઝનલ પ્લોટ નં. ૩૧, ફા. પ્લોટ નં. ૪૩** મુજબ સુમારે **૭૦૯૭ સ.ચો.મી** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીનના માલીક **આર્ય બિલ્ડકોન** એક ભાગીદારી પેઢી વતી અને તરફે ભાગીદારો...(૧) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી તથા (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણીની ચાલી આવેલ છે. તે બીનખેતીની જમીનમાં ફાયનલ પ્લોટ મુજબ સબ પ્લોટ નં. ૧, ક્ષેત્ર. ૩૫૪૮.૫૦ ચો.મી. (૭/૧૨ મુજબની ૫૦૪૦.૫૦ ચો.મી) તથા સબ-પ્લોટ નં. ૨, ક્ષેત્ર. ૩૫૪૮.૫૦ ચો.મી. (૭/૧૨ મુજબની ૫૦૪૦.૫૦ ચો.મી) છે. તે સબ પ્લોટો પૈકી **સબ-પ્લોટ નં. ૨,** વાળી સુમારે **૩૫૪૮.૫૦ ચો.મી.** (૭/૧૨ મુજબની ૫૦૪૦.૫૦ ચો.મી) વાળી બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા બે સબ પ્લોટો પૈકી **પશ્ચિમ-દક્ષિણ દીશા** તરફના **સબ પ્લોટ નં. ૨/૨,** વાળી સુમારે **૨૪૮૩.૨૯ સ.ચો.મી** (૭/૧૨ મુજબ ૩૫૪૭.૫૬ ચો.મી) ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન **આર્ય બિલ્ડકોન** એક ભાગીદારી પેઢી વતી અને તરફે ભાગીદારો...(૧) હિતેશકુમાર વનમાળીદાસ ધનાણી તથા (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણીના કનેથી વિજયકુમાર વનમાળીદાસ ધનાણીએ તા. ૨૩/૦૩/૨૦૨૧ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી. જે વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર-૪ (કતારગામ) ની કચેરીમાં એક નંબરની બુકમાં અનું. નં. ૯૪૭૯, તા. ૨૩/૦૩/૨૦૨૧ ના રોજ નોંધાયેલ છે.

(૪) સદરહુ જમીન સુરત શહેરી સત્તા વિકાસ મંડળના રેસીડેન્સીયલ ઝોનમાં આવેલ છે.

(૫) સુરત મહાનગર સેવાસદનના ભાગલા પ્લાન એપ્લીકેશન નં. ઓ.ડી.પી.એસ./૨૦૨૦/૦૨૩૧૫૦, તા.૨૧/૧૨/૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે.

(૬) સુરત મહાનગર સેવાસદનના નં. ટી.ડી.ઓ./ડીપી/ નં.૮૨, તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ રજાચિઠ્ઠી તથા પ્લાન મંજુર કરવામાં આવેલ છે.

(૭) સુરત જીલ્લાનાં અડાજણ તાલુકાના **મોજે : જહાંગીરપુરાના** રે.સ.નં. ૬૫, જેનો **બ્લોક નં. ૮૨/પૈકી ૧,** વાળી ૭/૧૨ મુજબની સુમારે ૧૫૨૪૪ સ.ચો.મી. છે. તે જમીન પૈકી સુમારે ૧૦૦૮૧ સ.ચો.મી. જમીનને લાગું **ટી. પી. સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા)** ના ઓ.પી. નં. ૩૧, **ફા. પ્લોટ નં. ૪૩** વાળી સુમારે **૭૦૯૭ સ.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુવાળી બીનખેતીની જમીન, તે બીનખેતીની જમીન પૈકી **ઉત્તર-પુર્વ દિશા** તરફની સુમારે **૪૬૧૩.૭૧ સ.ચો.મી.** બીનખેતીની જમીનના હાલના માલીકો **"આર્ય બિલ્ડકોન"** એક **ભાગીદારી પેઢીના ભાગીદારો... (૧) હિતેશભાઇ વનમાળીદાસ ધનાણી, (૨) પુર્વીબેન હિતેશભાઇ ધનાણી** નાઓ કાયદેસરના માલીક, મુખત્યાર, કબજેદાર અને ધારણકર્તા છે. આમ, સદરહુ બીનખેતીની જમીનના રેકર્ડની ખાત્રી કરતા ટાઇટલ કલીયર છે, અને આ ટાઇટલ કલીયર રીપોર્ટ આપવામાં આવે છે.

(મનોજ. એચ. પટેલ)
(એડવોકેટ)

સ્થળ : સુરત.
તા. ૨૪/૯/૨૦૨૧

MANOJ H. PATEL PRAKASH M. PATEL ADVOCATES SURAT